RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 139* Date: 17.03.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટઃ અમદાવાદ-વડોદરા, સુરત-રાજકોટમાં ફરીથી નાઇટ કર્ફ્યૂ લાદવામાં આવ્યો

# આજથી ચાર મહાનગરોમાં રાત્રે ૧૦થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ



### રાત્રિ કર્ફ્યૂની આ વ્યવસ્થા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે, અગાઉ વધારેલ ૨ કલાકની છૂટ પરત ખેંચવામાં આવી

*ગાંધીનગર,તા.૧૬*

ગુજરાત રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે ને દિવસે વધી રહેલા કોરોનાના પગલે રાત્રી કરફ્યુની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ૪ મહાનગરો અમદાવાદ, સૂરત, રાજકોટ અને વડોદરામાં રાત્રી કરફ્યૂની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયનો અમલ આવતી કાલથી અમલી બનશે. કોરોનાના કેસ વધતા અગાઉ ૨ કલાક માટે આપવામાં આવેલી છુટછાટ પાછી ખેંચવામાં આવી છે. રાજ્ય સરકારે આવતી કાલ તા.૧૭ માર્ચ ૨૦૨૧થી ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે. રાત્રિ કરફ્યુની આ વ્યવસ્થા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. રાજ્ય સરકારે આ ચારેય મહાનગરોમાં મંગળવાર ૧૬ માર્ચ સુધી રાત્રિ કરફ્યુના સમયની અગાઉની વ્યવસ્થા એટલે કે રાત્રે ૧૨થી સવારે ૬ વાગ્યા સુધીની વ્યવસ્થામાં યથાવત રાખી છે.

અગાઉ ૨ કલાકની આપવામાં આવેલી છૂટ પાછી ખેંચીને નવો નિર્ણય લેતા આવતીકાલે તારીખ ૧૭ માર્ચ ૨૦૨૧થી ચાર મહાનગરોમાં કરફ્યૂનો સમય વધારીને ૧૦ થી ૬ કરાયો છે. માટે આવતીકાલથી અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યુનો અમલ કરવાનો રહેશે છે. આજે કોર કમિટીની બેઠકમાં કોરોનાની સ્થિતિના આધારે રાત્રિ કર્ફ્યુનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે આ ચારેય મહાનગરોમાં મંગળવાર ૧૬ માર્ચ સુધી રાત્રિ કરફ્યૂના સમયની અગાઉની વ્યવસ્થા એટલે કે રાત્રે ૧૨ થી સવારે ૬ વાગ્યા સુધીની વ્યવસ્થા યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યના આરોગ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું છે કે કમનસીબે કોરોનાનાં કેસો વધ્યા છે. નીતિન પટેલે કહ્યું કે, કમનસીબે રાજ્યમાં કોરોનાનાં કેસો વધ્યા છે. આવતીકાલે પીએમ નરેન્દ્ર મોદી સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરવામાં આવશે. આ ઉપરાંત તેઓએ સ્વીકાર કર્યો કે છ રાજ્યોમાં કોરોનાનાં કેસોમાં વધારો થયો છે. આ ઉપરાંત તેઓએ કબૂલ્યું કે કોરોનાનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે. કોરોના વાયરસના કેસો વધતાં સરકાર ચિંતિત છે. અને યોગ્ય પગલાં ભરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નીતિન પટેલે કહ્યું કે, આગામી સમયમાં કોરોનાનું સંક્રમણ ન વધે તે માટે સરકારની સાથે જનતાએ પણ સાવચેતી રાખવાની જરૂર છે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું કડક પાલન કરાવવું જોઈએ. અને જનતાએ પણ સમજવું જોઈએ કે ભીડભાડવાળી જગ્યાઓએ જવાનું ટાળવું જોઈએ.

આ પહેલા અમદાવાદ શહેરમાં વધી રહેલા કોરોનાના કેસોને કારણે ૮ વિસ્તારમાં રાતે ૧૦ વાગ્યા પછી હોટલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણી બજાર, મોલ, ગલ્લા, ટી સ્ટોલ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંગે ગઈકાલે મ્યુનિસિપલ કોર્પોરેશને નિર્ણય કર્યો કે જોધપુર, સાઉથ બોપલ, નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, ગોતા પાલડી, ઘાટલોડિયા અને મણિનગરમાં રાતના ૧૦ વાગ્યા પછી હોટલ-રેસ્ટોરન્ટ બંધ રહેશે. તેમજ શહેરમાં માણેકચોક અને રાયપુર ખાણીપીણી બજાર પણ બંધ રહેશે.

## જન ફરિયાદ



**જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક નો આજે જન્મદિવસ છે. તારીખ ૧૭-૩-૧૯૯૬ ના દિવસે ગુજરાત ના મુખ્ય મંત્રી શ્રી કેશુભાઈ પટેલ ના હાથે જન ફરિયાદ નો પ્રથમ અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.અને ૨૦૦૧ થી લંડન ખાતે થી મેગેઝિન રૂપે પ્રસિદ્ધિ પણ કરવામાં આવી હતી..દેશ વિદેશ ના લેખકો,સાહિત્યકાર ભાઈઓ બહેનો,વડીલો તેમજ જન ફરિયાદ ને વહન કરવામાં મદદગાર સૌ વિજ્ઞાપન દાતાઓ અને સહયોગીઓ નો હું અંતઃ કારણ પૂર્વક આભાર માનું છું..આજે પણ દર રવિવારે નિયમિત પ્રિન્ટ કોપી તેમજ સોશિયલ મીડિયા ના માધ્યમ દ્વારા નવ દેશ અને ગુજરાત ના ૧૯ જિલ્લા સુધી જન ફરિયાદ વિસ્તરેલું ઘટાદાર વૃક્ષ સમાન સિક એ જ્યુબિલિ ઉજવી ચૂક્યું છે .૨૫ વરસ થી ચાલતા આ અખબારે ક્યારેય કોઈ સરકારી વિજ્ઞાપન ની મદદ લીધી નથી જેનું મને ગૌરવ છે આજે તેના તંત્રી.માલિક તરીકે મને આ તટસ્થ અખબાર ચલાવતા ખૂબ આનંદ ની લાગણી અનુભવાય છે...સૌ નો ખુબ ખુબ આભાર.તંત્રી/માલિક : પ્રદીપ રાવલ**

## ભારતે ૭૨ દેશોને રસીના ૫.૯૪ કરોડ ડોઝ મોકલ્યાઃ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી




*ન્યુ દિલ્હી,તા.૧૬*

કેન્દ્ર સરકારે મંગળવારના રોજ સ્પષ્ટતા કરી કે બીજા દેશોને કોરોના રસી મોકલવાનું પગલું ભારતીયોની કિંમત પર ઉઠાવ્યું નથી. સરકારે કહ્યું કે 'આખો સંસાર, આપણો પરિવાર' અને 'વિજ્ઞાનનો લાભ આખી માનવજાતિને મળવો જોઇએ'ના વિચારની સાથે ભારત બીજા દેશોને કોવિડ-૧૯ એન્ટી રસી મોકલી રહ્યું છે. રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમ્યાન કેન્દ્રીય સ્વાસ્થય મંત્રી હર્ષવર્ધને કહ્યું કે સોમવાર સુધીમાં ભારતે ૭૨ દેશોને રસીના ૫.૯૪ કરોડ ડોઝ મોકલી દીધા છે. તેમણે ભારતમાં રસીકરણની ઝડપને લઇ ઉઠાવામાં આવી રહેલા પ્રશ્નોને પણ નકારી દીધા અને કહ્યું કે ગઇકાલે સોમવારના રોજ માત્ર એક જ દિવસમાં ૩૦,૩૯,૩૯૪ લોકોનું રસીકરણ કરાયું છે. સમાજવાદી પાર્ટીના સુખરામ સિંહ યાદવે કેન્દ્ર સરકાર પાસેથી જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેઓ કોરોના રસી વિદેશોમાં તો મોકલી રહ્યા છે પરંતુ હિન્દુસ્તાનમાં ખૂબ જ ઓછી સંખ્યામાં લોકોને રસી અપાઇ રહી છે. તેના જવાબમાં હર્ષવર્ધને કહ્યું કે ભારતના લોકોને રસી અપાઇ રહી છે કે વિદેશોમાં મોકલાઇ રહી છેપકોઈપણ કિંમતે ભારતના લોકોના ભોગે વિદેશોમાં રસી મોકલાતી નથી.

### કોરોનાના એક્ટિવ કેસનો આંકડો સવા ૨ લાખની નજીક પહોંચ્યો

# ભારતમાં કોરોનાએ ગતિ પકડીઃ ૨૪ કલાકમાં ૨૪ હજારથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા

*ન્યુ દિલ્હી,તા.૧૬*

ભારતમાં માર્ચની શરૂઆતથી જ કોરોના વાયરસના કેસોમાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે. એવુ કહેવામાં આવી રહ્યુ છે કે ભારતમાં કોરોના વાયરસની આ બીજી લહેર છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી દ્વારા જાહેર કરેલ મંગળવાર(૧૬ માર્ચ)ના આંકડા મુજબ ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨૪,૪૯૧ નવા કેસ સામે આવ્યા છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૧ લોકોના મોત થયા છે. એક દિવસમાં સામે આવેલ ૨૪,૪૯૨ નવા કોવિડ-૧૯ કેસો બાદ દેશમાં કુલ કોરોના સંક્રમિતોના પૉઝિટીવ કેસોની સંખ્યા ૧,૧૪,૦૯,૮૩૧ થઈ ગઈ છે. વળી, દેશમાં હવે કોરોનાથી મરનારની સંખ્યા ૧,૫૮,૮૫૬ થઈ ગઈ છે.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૨૦,૧૯૧ લોકો રિકવર થઈને હોસ્પિટલથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. દેશમાં કોરોનાના સક્રિય કેસોની કુલ સંખ્યા હાલમાં ૨,૨૩,૪૩૨ છે. વળી, કોરોનાથી રિકવર થનાર લોકોની કુલ સંખ્યા ૧,૧૦,૨૭,૫૪૩ થઈ ગઈ છે.

દેશમાં ૧૬ માર્ચ સવારે ૮ વાગ્યા સુધીના આંકડા મુજબ અત્યાર સુધી ૩,૨૯,૪૭,૪૩૨ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી છે. દેશમાં કોરોના વેક્સીનેશન રાઉન્ડ-૨ની શરૂઆત ૧ માર્ચથી થઈ છે. રસીકરણ અભિયાનના બીજા તબક્કામાં ૬૦ વર્ષથી વધુ અને ૪૫ વર્ષથી વધુ જે કોઈ ગંભીર બિમારીથી પીડિત છે તેમને વેક્સીન આપવામાં આવી રહી છે. ૧૫ માર્ચ મુજબ મંગળવારે નવા કોરોના કેસોમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે.

ભારતમાં ૧૫ માર્ચે એક દિવસમાં કોરોનાના ૨૬,૨૯૧ નવા કેસ સામે આવ્યા હતા અને ૧૧૮ લોકોના મોત થયા હતા. ભારતમાં છેલ્લા લગભગ એક સપ્તાહમાં કોરોનાના ૨૦ હજારથી વધુ કેસ સામે આવી રહ્યા છે. ભારતમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્ર છે. દેશમાં સંક્રમણના કેસોમાંથી ૬૧ ટકા કેસ માત્ર મહારાષ્ટ્રના છે. મહારાષ્ટ્ર ઉપરાંત ભારતમાં પંજાબ, મધ્ય પ્રદેશ, ગુજરાત, કર્ણાટક, તમિલનાડુ, હરિયાણા, દિલ્લી અને આંધ્ર પ્રદેશમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે.

## વડાપ્રધાન મોદીના મુખ્ય સલાહકાર પી.કે. સિન્હાએ આપ્યું રાજીનામું

*ન્યુ દિલ્હી,તા.૧૬*

પીએમ મોદીના મુખ્ય સલાહકાર પી.કે. સિન્હાએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. પી.કે. સિન્હાએ રાજીનામાની પાછળ વ્યક્તિગત કારણો આગળ ધર્યા છે. નૃપેન્દ્ર મિશ્રાના રાજીનામા બાદ ૨૦૧૯થી તેઓ આ જવાબદારી સંભાળી રહ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે સોમવારના જ પી.કે. સિન્હાએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું હતુ. પૂર્વ કેબિનેટ સચિવ પી.કે. સિન્હાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રમુખ સલાહકાર ૨૦૧૯માં નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સિન્હાને પ્રધાનમંત્રી કાર્યાલયમાં ઑફિસર ઑન સ્પેશિયલ ડ્યૂટી નિયુક્ત કરવામાં આવ્યા હતા. જો કે રાજીનામા પર સરકાર તરફથી અત્યારે કોઈ જાણકારી આપવામાં આવી નથી. સરકારની ઑફિશિયલ વેબસાઇટ પર પણ તેમનું નામ છે. પી.કે. સિન્હાએ પોતાના કેરિયરની શરૂઆત અલ્હાબાદમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે કરી હતી. પહેલા ૨૦૧૫માં કેન્દ્ર સરકારે કેબિનેટ સચિવ પી.કે. સિન્હાનો કાર્યકાળ એક વર્ષ માટે વધાર્યો હતો.

કેબિનેટ સચિવનો કાર્યકાળ લગભગ ૨ વર્ષ સુધી જ હોય છે. યૂપી કેડરના આઇએએસ અધિકારી પી.કે. સિન્હા આ પહેલા પાવર સેક્રેટરી હતા. તેઓ ૧૯૭૭ બેચના સચિવોમાં સૌથી સીનિયર હતા અને આ કારણે તેમની વરિષ્ઠતાને ધ્યાનમાં રાખતા તેમને કેબિનેટ સચિવ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યાઃ૯૫૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૨૮૦૦૫૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૦૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૭૦૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૨૭૦૭૫૮**

### મહારાષ્ટ્રમાં ૫૦ ટકા પ્રતિબંધો, ૧૦ રાજ્યોની સ્થિતિ ચિંતાજનક

# કોરોના કહેરઃ આજે વડાપ્રધાન મોદી તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે

*ન્યુ દિલ્હી,તા.૧૬*

દેશ અને રાજ્યમાં વધેલા કોરોનાનાં કેસને લઈને કેન્દ્ર સરકારનાં કપાળે હવે ચિંતાની કરચલીઓ હવે પડી છે. કોરોનાનાં ત્રીજા સ્ટ્રેન વચ્ચે હવે દેશમાં કોરોનાનાં કેસને લઈ ઘટાડા પર તેમજ એક્શન પ્લાન પર પીએમ મોદી ૧૭ માર્ચે તમામ રાજ્યોના સીએમ સાથે બેઠક કરશે. કોરોનાના વધતા કેસ અને રસીકરણ મુદ્દે વર્ચ્યુઅલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બુધવારે બપોરે ૧૨.૩૦ કલાકે આ બેઠક મળશે. દેશમાં રોજના ૨૦ હજારથી વધુ કેસ આવતા કેન્દ્ર સરકાર એલર્ટ મોડ પર આવી ગયું છે.

દેશમાં કોરોના વાયરસ ફરી માથું ઊંચું કરી રહ્યો છે. કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. નવા કેસોના આંકડા જોઈએ ફરી સરકારની ચિંતા વધી ગઈ છે. આ જ કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૭ માર્ચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓની બેઠક બોલાવી છે. મીટિંગ વર્ચુઅલ હશે અને બપોરે ૧૨:૩૦ વાગ્યે શરૂ થશે. જણાવી દઈએ કે આ પહેલા વડાપ્રધાન મોદી મુખ્યમંત્રીઓ સાથે ઘણી બેઠકો કરી ચુક્યા છે. આ બેઠકમાં પીએમ મોદી કોરોના વધતા જતા કેસોની સાથે સાથે રસીકરણની ગતિની સમીક્ષા કરી શકે છે. સંભાવના છે કે બેઠકમાં વડાપ્રધાન મોદી કોરોના અને વેક્સિન અભિયાન પર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી શકે છે. જણાવી દઈએ કે એક દિવસમાં ભારતમાં કોવિડ -૧૯ ના ૨૬,૨૯૧ નવા કેસ આવ્યા બાદ સોમવારે દેશમાં કોરોના પોઝિટિવ લોકોની કુલ સંખ્યા વધીને ૧,૧૩,૮૫,૩૩૯ થઈ ગઈ છે.

જોકે, એવું નથી કે ફક્ત મહારાષ્ટ્રમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. ઓછામાં ઓછા ૧૦ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં પાછલા એક અઠવાડિયામાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. કેરળ, ઓડિશા, ઉત્તરાખંડ અને ઉત્તર-પૂર્વ રાજ્યોને બાદ કરતાં, દેશના બાકીના ભાગોમાં દર્દીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે.

# બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોન્સન એપ્રિલના અંતમાં ભારત આવશે

*લંડન,તા.૧૬*

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન એપ્રિલ મહિનામાં ભારતની મુલાકાત લેશે. તેમનો ભારત પ્રવાસ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય યુકે માટે વધુ અવસરો શોધવાનો છે. ઉપરાંત ભારત સાથે મળીને ચીનની ચાલાકીઓ સામે આગળ આવવાનો પણ છે. ઉલ્લેખનીય છે કે, બોરિસ જોનસન ગણતંત્ર દિવસની ઉજવણી વખતે મુખ્ય અતિથિ તરીકે ભારત પધારવાના હતા પરંતુ કોરોના મહામારીના કારણે તેમનો પ્રવાસ રદ્દ થયો હતો.

યુરોપીય સંઘમાંથી બ્રિટન બહાર નીકળી ગયું ત્યાર બાદ બોરિસ જોનસનની આ પ્રથમ પ્રમુખ આંતરરાષ્ટ્રીય યાત્રા હશે જેમાં તે બ્રિટન માટેના અવસરોને પ્રોત્સાહન આપવા પ્રયત્ન કરશે. બ્રિટિશ સરકાર મંગળવારે સંયુક્ત રાજ્ય અમેરિકા સાથેના પોતાના મજબૂત સંબંધોને સંરક્ષિત કરીને ઈંડો-પેસિફિક ક્ષેત્રમાં પોતાના પ્રભાવનો વિસ્તાર કરવાના ઉદ્દેશ્યથી દેશની બ્રેક્ઝિટ રક્ષા અને વિદેશ નીતિની પ્રાથમિકતાઓને સામે મુકશે.

હકીકતે યુરોપીય યુનિયનમાંથી બહાર થયા બાદ બોરિસ જોનસન બ્રિટન માટે નવી સંભાવનાઓ શોધી રહ્યા છે. યુકેનો અનેક મુદ્દે ચીન સાથેનો મતભેદ જગજાહેર જ છે. આ સંજોગોમાં ભારત સાથે ઉભા રહીને બોરિસ જોનસન એક તીરથી બે નિશાન સાધવા માંગે છે જેમાં કશું ખોટું પણ નથી. આ તરફ ચીનને ઘેરવા માટે ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાની ચોકડીથી બનેલા ક્વોડ સંગઠને પણ કમર કસી લીધી છે. વર્તમાન સમયમાં આ ઘટનાક્રમ પોતાની રીતે ખૂબ મહત્વપૂર્ણ છે. તે શીત યુદ્ધની સમાપ્તિ બાદ સૌથી ઉલ્લેખનીય વૈશ્વિક પહેલ માનવામાં આવે છે. યુકે અને ચીન વચ્ચે અનેક મુદ્દે મતભેદ છે જેમાં હોંગકોંગ, કોવિડ-૧૯ મહામારી અને હુઆવેઈને બ્રિટનના ૫જી નેટવર્કમાં સક્રિય ભૂમિકાથી વંચિત કરવું પ્રમુખ છે. આ તરફ ક્વીન એલિઝાબેથ વિમાનવાહક જહાજની સંભવિત તૈનાતીથી દક્ષિણ ચીની સમુદ્રમાં સૈન્ય તણાવ વધવાની આશંકા છે. ચીન તે ક્ષેત્રમાં પોતાનો અધિકાર જમાવવા માંગે છે.

## તંત્રી સ્થાનેથી...

### કોરોના કેસો વધતા શહેરોમા રાત્રી કર્ફ્યું પરંતુ પ્રાથમિક શાળા પરીક્ષાઓ શરૂ....

દેશમાં કોરોના કેસોની મંદ ગતિએ શરૂઆત બાદ લોકોની માસ્ક બાબતે બેદરકારીને કારણે તથા લોકોમાં હાર્ડ કોમ્યુનિટી ઘટી જવાને કારણે કોરોના કેસોમાં ઝડપી ઉછાળો આવ્યો તેમાં મહારાષ્ટ્ર,કેરળ,પંજાબ,કર્ણાટક, તામિલનાડુ અને ગુજરાતમાં કોરોના કેસોમાં વધુ ઉછાળો આવ્યો છે છે. જેમાં ગુજરાતમાં એકજ દિવસમાં ૮૯૦ કેસો સામે આવતા સરકાર તથા તંત્રની ચિંતા વધી ગઈ છે ત્યારે અમદાવાદ,સુરત,રાજકોટ,વડોદરા જેવા મહાનગરોમાં કોરોના વધવા છતાં પ્રાથમિક શાળાઓની પરિક્ષાઓ લેવાનું ચાલુ રાખ્યું છે અને આવા સમયમાં અરવલ્લી જીલ્લાની પાંચ કુહાડી ગામની પ્રાથમિક શાળામાં બુટાલા ગામનો ધો-૮ નો વિદ્યાર્થી કોરોના પોઝેટીવ આવતા શાળા બંધ કરી દેવામાં આવી છે, જ્યારે કે જૂનાગઢની મેડિકલ કોલેજના વિદ્યાર્થીને બે ડોઝ રસી લેવા છતાં તેનો કોરોના પોઝેટીવ આવતા વિદ્યાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે તે સાથે હોસ્ટેલમા રહેતા વિદ્યાર્થીઓને તેમના ઘરે રવાના કરી દઈને ઓન લાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યુ છે.બીજી તરફ અમદાવાદ, સુરત, રાજકોટમાં કોરોના કેસોમાં ઝડપથી વધારો થતાં સરકાર અને તંત્ર હરકતમાં આવી ગયું છે. રાજ્યના અમદાવાદમાં છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના નવા ૨૦૫ કેસ, વડોદરામાં ૬૯, સુરતમાં ૨૬૪ જેવા નવા કેસ મળી આવ્યા છે, તો રાજકોટમાં ૯૫ નવા કેસ નોંધાતા સમગ્ર તંત્ર દોડતું થઇ ગયું છે. તે સાથે રાત્રીના ખાણીપીણી બજારો, હોટેલો,રેસ્ટોરન્ટો પણ બંધ કરાવી દીધા છે. રાજ્ય સરકારે કોરોનાના નવા કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થવાને કારણે મનપા કમિશનરો, અધિકારીઓ સાથે બેઠક યોજીને તમામ શહેરોના અહેવાલ મંગાવ્યા બાદ મંગળવારે નિર્ણય લઈને તારીખ ૧૭ માર્ચ ૨૦૨૧ થી રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાત્રે ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી કરફ્યુ નો અમલ કરવાનો નિર્ણય કરી લીધો છે... જેનો અમલ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે......

મોટેરા ખાતે આવેલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ટી ૨૦ મેચમાં પ્રથમ મેચ દરમિયાન સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ ગયું હતું અને કોરોના નિયમોનુ પાલન પણ થયું ન હતું તો બીજી મેચમાં ૫૦ ટકા પ્રવેશ આપ્યો પરંતુ અંદર પ્રવેશ પછી માસ્ક વગરના લોકો વધુ દેખાતા હતા તે સાથે વિવિધ ખાણી પીણી સ્ટોલો ઉપર પણ ભારે ભીડ જામી રહી હતી. અને બીજી તરફ સરકારે ઉત્સવો ઉજવવા પર કોરોના નિયમોનો અમલ કરવા તથા કેટલાક ઉત્સવ માટે પાબંદી ફરમાવેલ એટલે લોકોમાં ટી-૨૦ યોજવા સામે ભીડ થાય તેની સામે ભારે આક્રોશ વ્યાપી ગયો હતો અને લોકો તેનો ભારે વિરોધ સોશિયલ મીડિયા પર વ્યક્ત કરવા લાગ્યા હતા તો ખુદ ભાજપમાં પણ વિરોધ ઉઠયો હતો. ત્યારે આખરે સરકારે વગર પ્રેક્ષકોએ ટી ટ્વેન્ટી મેચ યોજવા ક્રિકેટ બોર્ડને જણાવતા બોર્ડે તે વાતનો સ્વીકાર કર્યો હતો... અને હવે યોજાનાર બાકીની ત્રણ ટી ૨૦ મેચ પ્રેક્ષકો વિના યોજાનાર છે. આ સમયે ગુગલ પર સર્ચ કરતા જાણવા મળ્યું કે સુરતમાં ૧૯૯૪ માં ફ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે એ પ્લેગને કારણે સુરત ખાલી થઈ ગયું હતું અને અનેક લોકો પ્લેગનો ભોગ બન્યા હતા જેને અનુસંધાને ડબલ્યુએચઓ ફ્લેગ બાબતે આખી તપાસ કર્યા બાદ જણાવ્યું હતું કે ખરેખર સુરતમાં પ્લેગ હતો જ નહીં.... બીજી તરફ "હું" એ કોરોના નિયમ પાળવા માટે તેનો અમલ કરવા માટે વારંવાર વિનંતીઓ કરી છે છતાં દેશમાં કોરોના બાબતે લોકોમાં જે પ્રકારે જાગૃતિ જોઈએ તેનો અભાવ જ અભાવ દેખાઈ રહ્યો છે. બીજી તરફ કોરોના રસી દરેક વ્યક્તિને ઝડપથી મળી રહે તે માટે આમ પ્રજાની સુવિધા માટે મહાનગરોમાં વોર્ડ અનુસાર રસી આપવાના સેન્ટર ખોલવા માટે લાગણી વ્યક્ત થઈ રહી છે તેમજ રસી સેન્ટર સ્થળોની જાહેરાત કરે તો રસી આપવાની સંખ્યા પણ વધી જશે. ત્ લોકો કહી રહ્યા છે ડોક્ટરો,નર્સો વગેરે કોરોનાથી બચવા માટે જે કીટ પહેરે છે તેની સામે લોકોને માસ્ક પહેરવાનું જણાવવામાં આવે છે તો શું આ માસ્કથી કોરોના અટકશે કે કેમ...? તેવી સવાલી ચર્ચા આમ પ્રજામા ફરી વળી છે.....!

## રેલ્વેનું ક્યારેય ખાનગીકરણ કરવામાં આવશે નહિઃ પિયૂષ ગોયેલની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,તા.૧૬

વિપક્ષ લાંબા સમયથી કેન્દ્ર સરકાર પર આરોપ લગાવી રહ્યો છે કે તે ભારતીય રેલ્વેનું ખાનગીકરણ કરવાનો પણ પ્રયાસ કરી રહ્યું છે, જેના પર હવે પહેલીવાર રેલવે પ્રધાન પિયુષ ગોયલે લોકસભામાં નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે ભારતીય રેલ્વેનું ક્યારેય ખાનગીકરણ કરવામાં આવશે નહીં અને તે હંમેશા ભારત સરકાર હેઠળ રહેશે. મુસાફરોને સારી સુવિધાઓ પૂરી પાડવા માટે ભારતીય રેલ્વે દ્વારા અર્થવ્યવસ્થા મજબૂત બનશે, ખાનગી ક્ષેત્રની રોકાણો આવા કામો માટે દેશના હિતમાં હશે, પરંતુ દુઃખની વાત છે કે ઘણા સાંસદો સરકાર પર ખાનગીકરણ અને કોર્પોરેટરાઈઝેશનનો આરોપ લગાવે છે. ભારતીય રેલ્વેનું ક્યારેય ખાનગીકરણ કરવામાં આવશે નહીં અને હું ગૃહમાં પૂરા વિશ્વાસ સાથે આ કહું છું.

આજે ગૃહમાં ૨૦૨૧-૨૨ વર્ષ માટે રેલવે મંત્રાલયના નિયંત્રણ હેઠળની ગ્રાન્ટની માંગ અંગેની ચર્ચાના જવાબમાં, રેલવે મંત્રીએ કહ્યું કે અમારામાંથી કોઈએ ક્યારેય એવું કહ્યું નથી કે ફક્ત સરકારી વાહનો રસ્તા પર ચાલે છે, જ્યારે બંને ખાનગી છે અને સરકાર આર્થિક પ્રવૃત્તિઓને આગળ ધપાવો. રેલ્વે સરકારી સંપત્તિ હતી અને રહેશે, પરંતુ જો તેમાં કોઈ ખાનગી રીતે રોકાણ કરે છે, તો પછી કોઈએ તેમાં કોઈ દુષ્ટતા જોવી જોઈએ નહીં કે કોઈને વાંધો હોવો જોઈએ નહીં. આપને જણાવી દઈએ કે સોમવારે ગૃહમાં ચર્ચા દરમિયાન કોંગ્રેસના જસબીરસિંહ ગિલ, આઈયુએમએલના ઈટી મોહમ્મદ બશીરે તેમના નિવેદનો પર કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે સરકાર રેલવેનું ખાનગીકરણ કરવા માંગે છે.

લોકસભામાં બોલતા રેલવે મંત્રીએ કહ્યું કે આજે રસ્તા પર તમામ પ્રકારના વાહનો દોડે છે અને તે પછી જ પ્રગતિ થાય છે, પછી હું એક સવાલ પણ પૂછું છું કે રેલ્વેમાં કોઈ પ્રગતિ થવી જોઈએ નહીં. માલવાહક ટ્રેનો ચલાવવા માટે જો કોઈ ખાનગી રોકાણ કરે છે, તો આમાં શું નુકસાન છે?

લગ્ન પ્રસંગમાં માત્ર ૫૦ લોકોને જ એન્ટ્રી

## કોરોના રિટર્નઃ મહારાષ્ટ્રમાં રેસ્ટોરન્ટ-હોટેલ બંધ, પંજાબમાં પરીક્ષાઓ રદ

મુંબઇ/ચંડીગઢતા.૧૬



મહારાષ્ટ્રમાં કોરોના વાયરસો કહેર સતત વધી રહ્યો છે. કોરોનાના દરરોજના આંકડાઓ ચિંતામાં વધરો કરી રહ્યા છે. જેને લઈને મહારાષ્ટ્ર સરકાર ફરીથી પ્રતિબંધો લગાવી રહી છે. નાગપુરમાં લોકડાઉન લાગુ થયું છે તો અનેક જિલ્લામાં નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્ર સરકારે કોરોનાને રોકવા માટે નવી ગાઇડલાઇન જાહેર કરી છે.

જેની અંદર કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં હવે રેસ્ટોરન્ટ, હોટેલ, મલ્ટીપ્લેક્સ ૫૦ ટકા ક્ષમતા સાથે શરુ રહેશે. આ સિવાય મોલની અંદર તમામ લોકોએ માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવુ પડશે. નિયમોનું પાલન કરાવવા માટે મોલની અંદર વધારે કર્મચારીઓને તહેનાત કરવાના રહેશે.

આ સિવાય આ નવી ગાઇડલાઇનમાં સરકારે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લગાવેલા પ્રતિબંધોને ૩૧ માર્ચ સુધી વધારી દીધા છે. લગ્ન સમારોહની અંદર મહેમાનોની સંખ્યા પર ફરીથી કોરોનાનું ગ્રહણ લાગ્યું છે.

મહારાષ્ટ્રમાં લગ્ન પ્રસંગ માટે હવે માત્ર ૫૦ લોકો જ સામેલ થઇ શકશે. તો તમામ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક અને ધાર્મિક કાર્યક્રમો પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

નવી ગાઇડલાઇન પ્રમાણે અંતિમ સંસ્કારમાં ૨૦ કરતા વધરે લોકો સામેલ થઇ શકે છે. ઉલ્લેખનીય છે કે રવિવારે મહારાષ્ટ્રમાં ૧૬૬૨૦ નવા કેસ સામે આવ્યા છે. ત્યારબાદ ફરી વખત સરકાર એક્શન મોડમાં આવી છે.

મહારાષ્ટ્રમાં કોરોનાના નવા કેસ સામે આવતા જ ફરી વખત સરકાર એક્શન મોડમાં આવી છે. મહારાષ્ટ્રમાં કોરોનાની મહામારીનો પ્રકોપ વધતો હોવાથી રાજ્ય સરકાર ચિંતામાં પડી ગઈ છે. સંપૂર્ણપણે લોકડાઉન મૂકવામાં બદલે સરકાર આકરા પ્રતિબંધો મૂકવાની નીતિ અપનાવી રહી છે. જેને અનુંસંધાનમાં ઉપર્યુક્ત નવી કોરોના ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં ફરી કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે, ત્યારે રાજય સરકાર પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પરીક્ષા લીધા વિના જ આગળના ધોરણમાં મોકલી દેવા વિચારણા કરી રહી છે. જોકે, વિદ્યાર્થીઓનું આ વર્ષમાં પર્ફોમન્સ કેવું રહ્યું છે તેના આધાર પર તેમને ગ્રેડ આપવામાં આવશે. ધોરણ ૧થી ધોરણ ૮માં ભણતા સ્ટૂડન્ટ્સને કોરોનાના વધતા કેસ વચ્ચે પરીક્ષા લીધા વિના જ પ્રમોટ કરવા માટે શિક્ષણ વિભાગ ગંભીરતાથી વિચારી રહ્યો છે.

## ૨૦૧૯-૨૦માં દેશના ધનાઢ્ય પરિવારોએ ૧૨,૦૦૦ કરોડનું દાન આપ્યું

ન્યુ દિલ્હ,તા.૧૬

ભારતમાં ખાનગી ક્ષેત્રના વ્યવસાય અને ઉદ્યોગ જગત દ્વારા કરવામાં આવતા પરોપકારી કાર્યમાં નાણાકિય વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૩ ટકાનો વધારો થયો છે. આ સમય દરમિયાન તેમણે પરોપકારી કાર્યો માટે ૬૪,૦૦૦ કરોડનું દાન આપ્યું છે. ખાનગી ક્ષેત્રના દાનમાં આ વધારો ધનાઢ્ય પરિવારો દ્વારા કરવામાં આવતા દાનમાં લગભગ ત્રણ ગણા વધારાને કારણે પણ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દેશના ધનાઢ્ય પરિવારોએ ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. બેઈન એન્ડ કંપની અને દાસરા દ્વારા તૈયાર ઈન્ડિયા ફિલથ્રોપી રિપોર્ટ ૨૦૨૧માં આ જાણકારી આપવામાં આવી છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, ભારતમાં ખાનગી ક્ષેત્રમાં પરોપકાર વધી રહ્યો છે. ખાનગી ક્ષેત્રની જેમ અન્ય તમામ પ્રકારના ભંડોળ-વિદેશી, કોર્પોરેટ અને નાના દાતાઓની ફંડિંગ લગભગ સ્થિર છે, પરંતુ હાઈ નેટવર્થવાળા વ્યક્તિઓ અથવા પરિવારો દ્વારા દેવામાં આવતા ફંડમાં વધારો થઈ રહ્યો છે.

ખાનગી ક્ષેત્ર દ્વારા કરવામાં આવતા દાનમાં લગભગ એક ચતુથાર્ત વિદેશી દાતાઓનો, લગભગ ૨૮ ટકા દેશી કંપનીઓ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટીના રૂપમાં અને નાના રોકાણકારોનો ભાગ આશરે ૨૮ ટકા છે. આ પછી બાકી વધેલ ૨૦ ટકા ભાગ ધનાઢ્ય પરિવારો દ્વારા આપવામાં આવેલા દાનનો છે.

નોંધનીય છે કે, ભારતના કોર્પોરેટ જગતમાં પરોપકારી કાર્યોનું સંચાલન વિપ્રોના સંસ્થાપક ચેરમેન અઝીમ પ્રેમજી કરી રહ્યા છે. ગત વર્ષે ૨૦૨૦માં જાહેર કરવામાં આવેલા એડલગીવ હુરુન ઈન્ડિયાના પરોપકારીઓની યાદીમાં અઝીમ પ્રેમજી અને તેના પરિવારે ૭૯૦૪ કરોડના દાન સાથે ટોચ પર રહ્યા હતા. આ યાદીમાં એચસીએલ ટેક્નોલોજીસના સ્થાપક અધ્યક્ષ શિવ નાદર અને તેમનો પરિવાર આ યાદીમાં બીજો ક્રમ મેળવ્યો છે, જ્યારે પરોપકારીની યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL)ના અધ્યક્ષ અને સૌથી ધનિક ભારતીય મુકેશ અંબાણી ત્રીજા ક્રમે છે.

## આજે મુખ્યમંત્રી અમરિંદર સિંહ અને નવજોત સિદ્ધુ લાંબા ગાળા બાદ મળશે

ચંડીગઢ,તા.૧૬

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે બુધવારે પૂર્વ રાજ્યમંત્રી નવજોત સિંહ સિદ્ધુને લંચ માટે આમંત્રણ આપ્યું છે. બંને નેતાઓ ચંદીગઢ નજીક અમરિંદર સિંહના ફાર્મ હાઉસમાં મળશે. કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધુને ફરી એકવાર મંત્રીમંડળમાં શામેલ કરી શકાય છે. કોંગ્રેસના મહાસચિવ અને પંજાબના પ્રભારી હરીશ રાવતે ગયા અઠવાડિયે બંને નેતાઓને મળ્યા હતા અને "સકારાત્મક પરિણામો" ની આશા વ્યકત કરી હતી.

મુખ્ય પ્રધાન અમરિંદર સિંહ અને તેમના પૂર્વ કેબિનેટ સહયોગી નવજોત સિંહ સિદ્ધુ વચ્ચે છેલ્લા ૪ મહિનામાં બપોરના ભોજન પર આ બીજી બેઠક હશે. આ અગાઉ બંને નેતાઓની ૨૫ મી નવેમ્બરના રોજ બપોરના ભોજન પર બેઠક થઈ હતી. લાંબા સમયથી બંને નેતાઓ વચ્ચે થોડી કડવાશ છે. મે ૨૦૧૯ માં, મુખ્યમંત્રીએ સિદ્ધુ પર સ્થાનિક સરકારી વિભાગનો "યોગ્ય રીતે સંચાલન" ન કરવાનો આરોપ લગાવ્યો હતો, એવો દાવો કર્યો હતો કે તેમના કારણે કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં શહેરી વિસ્તારોમાં "ખરાબ પ્રદર્શન" કરું છે.

## તમામ બેન્કોનું ખાનગીકરણ નહીં થાયઃ સીતારમણનો ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં મંગળવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઇ હતી. કેબિનેટની આ બેઠકમાં એક નવી નેશનલ બેંકને બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટને ફંટ આપવાનું કામ કરશે. આ બેંકને 'વિકાસ નાણા સંસ્થાન' નામ આપવામાં આવ્યું છે.

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપી કે સરકારે બજેટમાં આવી બેંક બનાવાની ઘોષણા કરી હતી. જેને હવે કેબિનેટે પણ મંજૂરી આપી દીધી છે.

નાણા મંત્રી અનુસાર, નાણાકીય વિકાસ સંસ્થા દેશમાં મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને ફંડ આપવાનું કામ કરશે. સરકાર અનુસાર નવી સંસ્થાને બિલકુલ શૂન્યથી શરૂ કરવામાં આવશે. હાલમાં એક બોર્ડનું ગઠન કરવામાં આવશે. જે આગળના નિર્ણયો લેશે. જોકે સરકાર તરફથી ૨૦ હજાર કરોડ રૂપિયાનું શરૂઆતનું ફંડ આપવામાં આવશે.

પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપવામાં આવી કે આ બેંક દ્વારા બોન્ડ જાહેર કરી તેમા રોકાણ કરવામાં આવશે. આગામી કેટલાક વર્ષોમાં ૩ લાખ કરોડ રૂપિયા એકઠા કરવાની આશા છે, તેમા રોકાણ કરનારાઓને ટેક્સમાં પણ રાહત મળશે. જેમાં મોટા સૉવરેન ફંડ, પેંશન ફંડ રોકાણ કરી શકે છે.

પ્રેસ કોન્ફરન્સમાં જાણકારી આપવામાં આવી કે કોઇ પણ જૂની બેંક આ પ્રકારના મોટા પ્રોજેક્ટમાં ફંડિંગ કરવા માટે તૈયાર ન હતી. લગભગ ૬૦૦૦ ગ્રીન-બ્રાઉન ફીલ્ડ પ્રોજેક્ટ એવા છે. જેમા ફંડિંગની જરૂર છે. આ કારણ છે કે, આ પ્રકારની સંસ્થાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર અનુસાર બેંકના બોર્ડ મેમ્બરમાં ક્ષેત્રના લોકોને સ્થાન આપવામા આવશે.

નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, તમામ બેંકોનું ખાનગીકરણ કરવામાં નહીં આવે, અમે ઈચ્છીએ છીએ કે દેશમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવી બેંકો બને. વિકાસ નાણાકિય સંસ્થાને આ આશા સાથે જ બનાવવામાં આવી છે. જે માર્કેટની ઉમ્મીદોને પૂર્ણ કરે. જે બેંકોની ખાનગીકરણ થઇ રહ્યું છે તેમના કર્મચારીઓના અધિકાર અને ભવિષ્યનું ધ્યાન રાખવામાં આવશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે ખાનગીકરણના મામલે રાહુલ ગાંધીના આરોપનો પણ જવાપ આપ્યો, નિર્મલાએ કહ્યું કે તેમની દાદીએ ભલે બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હોય પરંતુ કોંગ્રેસે માત્ર ભ્રષ્ટાચારનું રાષ્ટ્રીયકરણ કર્યું છે. રાહુલ ગાંધીનું કામ માત્ર ને માત્ર આરોપો લગાવાનું છે.

## ઝઘડામાં મૌન રહેવું, શીત યુદ્ધને આમંત્રણ




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



ઝઘડો શબ્દ સાંભળતા જ ક્યાંતો ચિંતા થાય અથવા કારણ જાણવાની ઈચ્છા થાય છે. ઝઘડાના કારણ અનેક હોય છે. તેમાં સમાધાન સરળતાથી થઇ જાય તે જ યોગ્ય છે. કોઇપણ સંબંધમાં નાનો ઝઘડો થયો હોય અને જો મૌન ધારણ કરી લેવામાં આવે તો સમય જતા આ મૌનથી મનમાં કડવાશ વધતી જાય છે. તે સંબંધ ભાઈ-બહેનનો હોઈ શકે, મિત્રોનો હોઈ શકે, માતા-પિતાનો હોઇ શકે કે પછી પતિ-પત્નીનો હોઇ શકે છે. જ્યારે સંબંધમાં વિવાદ ઊભો થાય છે અને આ વિવાદ મૌનનું રૂપ ધારણ કરી લે છે, ત્યારે તેનાથી સંબંધમાં કડવાશ ઉત્પન્ન થવા લાગે છે. મનમાં જે ગુસ્સો હોય તે જો વાચા બનીને કે આક્રોશ બનીને બહાર ન આવે, તો તે બદલાનું ભયંકર રૂપ પણ ધારણ કરી શકે છે. જેમ જેમ સમય પસાર થવા લાગે તેમ તેમ મનમાં રહેલી કડવાશ બહાર ન આવે તો આગળ જતા સંબંધ તૂટવાની સાથે પરિવર વિખેરાવાનો ભય પણ રહે છે. જો મનમાં રહેલી કડવાશને સમય રહેતાની સાથે જ દૂર કરી નાખવામાં આવે તો પરિવાર તૂટવાનો ભય રહેતો નથી.

પતિ-પત્નીના સંબંધમાં હવે આ વસ્તુ વધારે જોવા મળી રહી છે. ઘણા પોતાનો આક્રોશ કે ગુસ્સો વ્યક્ત કરવાના બદલે મૌન ધારણ કરી લે છે અને ભવિષ્યમાં આવા સંબંધનો અંત આવે છે. પતિ-પત્નીમાં એક વ્યક્તિ શાંત અને બીજી ઊગ્ર સ્વભાવની હોય તો બંને વચ્ચેનું સંતુલન જળવાઈ રહે છે. પણ જો બંનેનો સ્વભાવ ઊગ્ર હોય તો મનનો મેળ તો થતો જ નથી સાથે જ ઊગ્ર સંવાદો પણ વધારે થતા જોવા મળે છે. આવા ઊગ્ર સંવાદોમાં બંને એકબીજા પ્રત્યેના ગમા-અણગમાને વ્યક્ત કરી દેતા હોય છે. જેના કારણે એકબીજા પર અનેક દોષારોપણ અને શાબ્દિક યુદ્ધ ચાલે છે, જેમાં ભાન ગૂમાવી અપમાન કરવા પર આવી જાય છે. આવા ઝઘડાઓ જો થતાં જ રહે તો સંબંધ તૂટતા વાર નથી લાગતી. ઘણીવાર આ પ્રકારના ઝઘડાઓમાં મૌન રહેવાની અસરની પણ શરૂઆત થતી જોવા મળે છે. જેમાં મૌનની રૂપરેખા તૈયાર થાય છે.

પતિ-પત્ની વચ્ચેના ઝઘડાઓમાં ઝઘડો થવો સામાન્ય બાબત કહી શકાય પણ તેના પરિણામરૂપે જો ઝઘડાને લીધે સંબંધોમાં તિરાડ પડે તે બહુ મોટું નુકસાન કહેવાય. કોઈની પણ ભૂલ હોય પણ વધારે સમયના અબોલા એકબીજાને મનથી દૂર કરવા માટે મહત્વનો ભાગ ભજવી જાય છે. જો કોઈપણ વ્યક્તિ પ્રતિકાર ન કરે અને મૌન રહે તો એનો અર્થ એ નથી કે કશું અનુભવતી નથી. તે શાબ્દિકતાથી બચવા માગે છે પણ તેનું મન તો તેના વિચારોમાં જ હોય છે. મૌનના ઝઘડામાં વ્યક્તિને મેળવવાનું કશું નથી ફક્ત ગુમાવવાનું જ હોય છે. એકબીજા સાથે ગમે તેટલો ઝઘડો થાય પણ પ્રેમ એવો હોવો જોઇએ કે ઝઘડો થાય તે છતાંય બંને જણા એકબીજા સાથે બંધાયેલા રહેવા જોઇએ. એનાથી જીવનમાં નવી તાજગી પણ અનુભવી શકાશે. ઘણીવાર ધૈર્ય પણ તેમાં મહત્વનો ભાગ ભજવી જાય છે. એકબીજાને મનાવવામાં પણ શરમ કે નમતુ મૂકયાનો વિચાર કરવો જોઇએ નહીં. ઝઘડો થાય ત્યારે લેવાતું મૌન કેટલીક મિનિટો કે કલાકોનું જ હોવું જોઈએ. એનાથી વધારે નહીં, કારણકે એકબીજાને મનાવવાની પહેલ બંને તરફથી હોવી જોઇએ, કોઇ એક વ્યક્તિ તરફથી નહીં.

મૌન રહેવાના કારણો

ઘણીવાર નાની નાની બાબતો પતિ-પત્ની વચ્ચે મૌન રહેવાનું કારણ બની જતી હોય છે.

--- પતિ-પત્ની વચ્ચે અહમ આવી જવો, જે સ્વાભિમાનની સીમાઓને ઓળંગીને અહંકારનું રૂપ ધારણ કરી લે છે.

--- સંતાનોની કરિયરને લઈને વિચારોનો ટકરાવ થાય છે. માતા-પિતા બંને સંતાનોના ભાવિ વિષે અલગ અલગ દિશા વિશે વિચારતા હોય છે.

--- એકબીજાના કુટુંબ વિશે વિરોધાભાસ હોવો કે વ્યક્તિઓની વિરોધમાં બોલવું. ઘણીવાર પતિ-પત્ની એકબીજાના ઝઘડાનું કારણ કુટુંબની વ્યક્તિઓને ગણાવતી હોય છે.

--- પુરુષોનો અહ્મ જલદી ઘવાય છે. પત્ની તેના કરતા વધારે ભણેલી હોય, ઊંચા હોદ્દા પર હોય કે વધારે પ્રતિષ્ઠાપાત્ર હોય તો વારંવાર મનમાં અહ્મ ઊભો થાય છે.

--- પતિ-પત્ની એકબીજા પર પરાણે કોઈ નિર્ણય લાદવાનો પ્રયાસ કરે ત્યારે મનનું યુદ્ધ શરૂ થાય છે. દરેક વ્યક્તિ પોતાના માટે આઝાદી ઈચ્છે છે, તે વાતને ક્યારેય ભૂલવી નહીં.

--- પતિ-પત્ની એકબીજાનું જાહેરમાં અપમાન કરે ત્યારે બે માંથી એક શાંત તો થઈ જાય છે, પણ આ શાંતિ ભવિષ્યને ભાંગી નાખનારી સાબિત થઈ શકે છે.

--- પતિ- પત્ની પોતાના એવા મિત્રોના કારણે ઝઘડા કરતા જોવા મળે છે, જે કુટુંબના વાતાવરણને બગાડે છે, છતાંય બંને પોતાના મિત્રોને મહત્વ આપવાનું ઓછું નથી કરતા. કોઇ એક વ્યક્તિ તે શાંતિથી સહન કરતી જાય છે પણ સહનશક્તિની હદ ખૂબ ઓછી હોય છે.

--- પતિ-પત્નીમાંથી કોઇ એક પોતાના અધિકારોની સીમાનું ઉલ્લંઘન કરે, તેનાથી કોઇ એકનું સ્વમાન ઘવાય છે.

આવા નાના નાના ઝઘડાઓમાં જ્યારે કોમ્યુનિકેશન ગેપ આવવા લાગે છે, ત્યારે બંને વચ્ચે ફક્ત ઓપચારિક વાતચિત જ થતી જોવા મળે છે. પ્રેમ, લાગણી, હુંફ કે અધિકાર તેમના જીવનમાં રહેતા નથી.

મૌન તોડો મન નહી

પતિ-પત્નીના સંબંધોમાં થતાં ઝઘડાના કારણોને પ્રયત્ન કરીને દૂર કરી શકાય છે. ઝઘડાના કારણે જે મૌન છવાઇ જાય છે તેનાથી સંબંધોની ઊભી થતી તિરાડ ઘણીવાર ઊંડુરૂપ ધારણ કરી લે છે. જે પરિવારના વેરવિખેર થવાનું કારણ બની જાય છે. આવું ન થાય તે માટે આ બાબતનું ધ્યાન રાખો.

--- જ્યારે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થાય ત્યારે તો પોતાની વચ્ચે મૌન ન ઊભુ થવા દો. જો મૌન ઊભુ થાય તો તેને લાંબો સમય સુધી ન રહેવ દો. તેને તોડવાનો પ્રયત્ન કરો. કોઇપણ એક જણાએ પહેલ કરવી જોઇએ. પતિ-પત્નીના સંબંધમાં સ્વાભિમાન હોવું જોઇએ પણ અહંકાર નહી.


--- ઝઘડા અને તેનાથી ઊભા થયેલા મૌનને તોડવા માટે પરિવારના કોઇ સભ્યને અથવા બાળકને મધ્યસ્થી બનાવીને મૌન તોડી નાખો.

--- બાળકોને મૌન તૌડવાનું માધ્યમ બનાવો, વધારવા માટેનું નહીં. આ વાત ખાય ધ્યાનમાં રાખવી.

--- જો મૌનનું કારણ તમારું મિત્રમંડળ હોય, જે તમારા લગ્નજીવનમાં ઝૈર ઘોળવાનો પ્રયત્ન કરતું હોય, તો મિત્રો સાથેની એક હદ નક્કી કરી લેવી. તેમને અમુક બાબતોસુધીનું જ મહત્વ આપવું. અંગત મહત્વ તો પતિ-પત્નીએ એકબીજાને જ આપવું જોઈએ.

--- સંબંધોમાં નિરસતા ન આવવા દો. પ્રેમ અને લાગણી જાળવી રાખવા માટે થોડો સમય એકબીજાને એકાંતમાં સમય આપો. પિકનીક પર જાઓ. જેનાથી તમે એકબીજા પ્રત્યેની તમામ ફરિયાદો દૂર કરી શકો.

ઘણીવાર રોજબરોજની નાની નાની વાતો પણ ઘેરા વિવાદનું કારણ બનીને મૌનનું રૂપ ધારણ કરી લે છે. જેનાથી પરિવાર તૂટવા સુધીની અણી પર આવી જાય છે. પરિવાર તૂટવાનું કારણ કોઈપણ હોય પણ તેનું પરિણામ મોટાની સાથે સાથે બાળકોએ પણ ભોગવવું પડે છે.દાંપત્યજીવનમાં વિવાદોમાંથી ઊભું થયેલું મૌન તોડીને પરિવારનું માન-સન્માન જાળવી શકાય છે. તેના માટે કોઇ એક જણાએ તો પ્રયત્ન કરવો જ પડશે.



કોરોના અંગે જનજાગૃતિ ફેલાવવા માટે સાયન સ્ટેશન નજીક અશોક કુર્મી અને તેના મિત્રોએ ૧૫/૧૨ ફૂટનું વિશાળ પેઇન્ટિંગ તૈયાર કર્યું હતું.

# મોંઘવારીનો માર: સીંગતેલ, કપાસિયા તેલમાં રૂ.૪૦નો ભાવ વધારો

અમદાવાદ,તા.૧૬

હાલમાં જ પેટ્રોલ અને ડીઝલની કિંમતો પ્રજાની કમર તોડી રહી છે. તો બીજી બાજુ ખાદ્યતેલનાં ભાવો પણ ગૃહિણીઓને રડાવી રહ્યા છે. અને ખોરાકના સ્વાદને બગાડી રહ્યો છે. હવે મોંઘવારીનો અસહ્ય માર પ્રજા પર પડી રહ્યો છે. અને ખાદ્યતેલના ભાવ ઓલટાઈમ હાઈ પહોંચી ગયા છે. સીંગતેલ, કપાસિયા તેલમાં રૂ.૪૦નો ભાવ વધારો થયો છે. ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો છે. ખાદ્યતેલ ના ભાવ ઓલટાઇમ હાઈ પહોંચી ગયો છે. સનફ્લાવરમાં ૬૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે. જ્યારે કપાસિયા અને સીંગતેલમાં ૪૦ રૂપિયાનો વધારો થયો છે. જેના કારણે સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૫૮૦ પર પહોંચ્યો છે. અને કપાસિયા તેલના ભાવ ૨૧૫૦ની આસપાસ પહોંચી ગયા છે. અને આગામી સમયમાં હજુ ૩૦૦૦ સુધી ભાવ પહોંચે તો નવાઈ નહીં.

ખાદ્યતેલનાં ભાવો રોકેટ ગતિએ પહોંચતાં સામાન્ય પ્રજામાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. અને ખાદ્યતેલની કિંમતો ક્યારે અંકુશમાં આવશે તેના પર હાલ સૌ કોઈની નજરો છે. તો સટોડિયાઓને કારણે પણ ભાવ વધારો થતો હોવાની ચર્ચા છે. ત્યારે સરકાર ક્યારે ખાદ્યતેલના ભાવો પર અંકુશ મેળવશે તે જોવું રહ્યું. બાકી સામાન્ય પ્રજાને તો કારમી મોંઘવારીમાં પિસાતા જ રહેવાનું છે.

# ડાયમંડ સિટીમાં કોરોનાએ ઉથલો માર્યો, વધુ ૩૭ કેસ સ્કૂલ-કૉલેજમાંથી આવ્યા

સુરત,તા.૧૬

એક તરફ કોરોનાના કેસને કાબૂ કરવાના પ્રયાસ થઈ રહ્યા ત્યારે બીજી તરફ દેશ સહિત રાજ્યોમાં કોરોના કેસ ઉથલો મારી રહ્યા છે. આવામાં ડાયમંડ સિટી સુરતમાં કેસમાં વધારો થઈ રહ્યો છે. સોમવારે પણ અહીં વધુ ૨૪૦ નવા કેસ નોંધાયા છે, જે પાછલા ૫ મહિનાના સૌથી વધુ કોરોનાના નવા કેસ છે. અહીં નોંધાયેલા નવા ૨૪૦ કેસમાંથી ૩૭ કેસ શૈક્ષણિક સંકૂલોમાં નોંધાયા છે. આ સંક્રમિત લોકોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંકૂલમાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે. ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થતા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કૂલ, કૉલેજ તથા વિદ્યાર્થીઓના વાલીઓને તેમના બાળકો કોરોનાની ગાઈડલાઈન્સનું સખત રીતે પાલન કરે તેમ જણાવવામાં આવ્યું છે.

સુરતમાં કેસનો ફરી રાફડો ફાટતા શહેરના કમિશનર બંછાનિધી પાણીએ એક ઓડિયો મેસેજમાં જણાવ્યું છે કે, ×શહેરમાં કોરોના વાયરસના કેસમાં ફરી ઉછાળો નોંધાયો છે અને અહીં યુકે અને સાઉથ આફ્રીકમાં દેખાયેલા કોવિડ-૧૯ સ્ટ્રેનના કેસ પણ જોવા મળ્યા છે. શહેરની એસએમસી દ્વારા ચલાવાતી સ્મિમેર હોસ્પિટલ અને નવી સિવિલ હોસ્પિટલમાં એક જ દિવસમાં દર્દીઓની સંખ્યા ડબલ થઈને ૧૭થી વધીને ૩૫ પર પહોંચી ગઈ છે. તેમણે એ પણ ઉમેર્યું કે, સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં અઠવા ઝોનના સિટી લાઈટ, પાનસ, અઠવા, વેસુ અને અઠવા છે. જ્યારે રાંદેર ઝોનમાં પાલ, અડાજણ અને અડાજણ પાટિયા સૌથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં કોરોના કેસ વધી રહ્યા છે.





આજરોજ ખંભાત નગરપાલિકાના યોજાયેલ પ્રથમ બોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના ૧૮ અને ૦૪ અપક્ષ એમ કુલ મળીને ૨૨ સભ્યો સાથે ભાજપની બહુમતી થતાં ભારતીય જનતા પાર્ટીનું બોર્ડ બેસાડવામાં આવ્યું જેમાં બહુમતી જાહેર થતાં ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ ના આદેશાનુસાર તેમજ આણંદ જિલ્લા ભાજપના માર્ગદર્શન મુજબ ખંભાત નગરપાલિકાના પ્રમુખ પદે શ્રી કામિનીબેન હિરેનભાઈ ગાંધી , ઉપપ્રમુખ પદે શ્રી વિજયસિંહ પરમાર (રાજભા), કારોબારી ચેરમેન તરીકે શ્રી અશોકભાઈ કાછીયા, દંડક પદે શ્રી રાજુભાઇ રાણા તેમજ શાશક પક્ષના નેતા પદે શ્રી મનીષભાઈ ઉપાધ્યાય ની નિમણુંક કરવામાં આવી છે.

તમામ નવનિયુક્ત પદાધિકારીઓ અભિનંદન સહ શુભેચ્છાઓ.. આપના માર્ગદર્શન હેઠળ ખંભાત શહેરનો સર્વાંગી વિકાસ વધુ વેગવંતો બને તેવી શુભકામનાઓ...

મહેશકુમાર કે. રાવલ (મયુર રાવલ)
ધારાસભ્ય,૧૦૮-ખંભાત વિધાનસભા





# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે સાત પદ્ય રચનાઓ આપેલ વિષય ના બીજાં દિવસે પ્રસિદ્ધ કરવામાં આવી છે

વિષય .
શિક્ષણ,અભ્યાસ,તાલીમ,કેળવણી અને શિવરાત્રી


..સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews


---

NOG SS NO - 0026
વિભાગ - પદ્ય
મૌલિક રચના
વિષય - શિક્ષણ, કેળવણી, તાલીમ, ભણતર અને અભ્યાસ.
શીર્ષક - કેળવણી.

"કેળવણી" એ સૂર્યનો અજવાશ છે.
એ ખુદ સૂર્યનું ઝળહળ થતું આકાશ છે.
કેળવણીનો સૂર્ય કદીયે ન આથમે,
એનું નિજનું શાશ્વતપણું જ ખાસ છે.!
કોઈ છીછરાં મનને જોઉં તો!
એને કશુંયે, ક્યાં સમજવાની પ્યાસ છે?
માનવ સંસ્કારની સુવાસ હોય બધી
અલગ - અલગ,
અહીં તો સૌ, સૌની કેળવણીનો રચાયો
પ્રાસ છે.
અંજના ગાંધી "મૌનુ" ,વડોદરા

---

NOG SS No : 0077
વિભાગ:પદ્ય મૌલિક
વિષય:શિક્ષણ, કેળવણી,તાલીમ ,ભણતર ,અભ્યાસ
શબ્દ:ભણેલાં અભણ
શું ભણેલાં કે શું અભણ,
જીવતરના ગણેલાં જ
તો જ ચતુર સુજાણ...!
એકને એક બે થાય એ બધાં ગણે,
પણ એક ને એક અગિયાર તો ગણેલાં
જ કરી જાણે...!
જીવતરમાં ભણતર જેટલું જ
જરૂરી છે ગણતર,
કેટલાય ભણેલાંએ નરક કર્યું છે
જીવતર...!
ભણતરનાં ફાંકે મગજ ને બુદ્ધિ થઈ છે
જડ,
હૃદય થયાં છે સજ્જડ...!
અભણ ખાલી અક્ષર જ્ઞાને જ હોય છે
એ લોકો, પણ માણસની વ્યથા તરત
વાંચી લેતા હોય છે એ લોકો...!
ૠતંભરા વિશ્વજીત ,ૠત્વિશ્વ,આણંદ.

NOG SS NO: 0043
વિભાગ: પદ્ય
શીર્ષક: શિક્ષણ
આજ આવ્યો કોરોના વુહાન ભણી,
દરેક બાળકનું ભવિષ્ય કર્યું ધૂળધાણી.
જતાં હતાં બાળકો હસતાં -રમતાં જ્યાં
નિશાળમાં,
આજ એ જ બાળકનું ભવિષ્ય અટવાયું
માસ-પ્રમોશનમાં.
કુદરત!તારો તે કેવો કહેર,
"ભૂલકાઓ પાસેથી છીનવ્યું શિક્ષણ કેમ?
દોષ તો હતો અમુક લોભી શિક્ષકોનો,
એમાં અટવાયા આ બાળકો કેમ?
ક્યાં સુધી ભણશે બાળક ઓનલાઈનમાં,
ક્યારેક તો એને જવું પડશે શાળાની
લાઈનમાં.
"હે કોરોના"!
ધીમી કર તારી ગતિ,
'જેથી આ ભૂલકાઓ પકડી શકે તેમની
ભણતરની ગતિ.'
મૈત્રી ઉપાધ્યાય (અમદાવાદ)

---

NGO SS No : 0015
વિભાગ:- પદ્ય
શબ્દ:- શિક્ષણ
શીર્ષક:- બાળક ખોવાયો છે
ટી.વી., ટેકનોલોજી ને કમ્પ્યૂટરની
ગેમમાં,
આ અટપટી પશ્ચિમી સંસ્કૃતિનાં વ્હેમમાં,
બાળક ખોવાયો છે.
સ્થૂળતાની પિચકારી ને કૃત્રિમતાના
રંગમાં,
મોજ-મસ્તી, શોખ ને ખોટી ફેશનનાં
સંગમાં,
બાળક ખોવાયો છે.

ગહનતા, જટિલતા ને આધુનિકતાનાં
માચડામાં,
ફક્ત બેટ, બોલ ને ક્રિકેટનાં ત્રણ
લાકડામાં,
બાળક ખોવાયો છે.
શિક્ષણના ગોટાળા ને પુસ્તકનાં
મારણમાં,
ક્ષમતાનાં ઘટાડા ને ભણતરનાં ભારણમાં,
બાળક ખોવાયો છે.
મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ), ખેરાળી

---

સાહિત્ય સરિતા(૧)
NOG SS No-0042
વિભાગ-પદ્ય
પ્રકાર-અછાંદસ
શીર્ષક-ભણતરનો ભાર
ભણતરનો ભાર મારે ભણતરનો ભાર,
કેમ કરી વિતશે રે આ કપરો કાળ..આ
કપરો કાળ...
હું નાનું બાળ મારે રમવુંને ભમવું,
લોકો ન સમજે આ વસમું રે વસમું...
ઘરનો ઉંબરો મેં માંડ હજી ઓળંગ્યો,
પૂછે લોકો મને કેરિયરની વાત ...મને
કેરિયરની વાત..હિસાબ,કિતાબ તો મેં
હમણાં જ શીખ્યા,લોકો કરે મારી સાથે
ભ્રષ્ટાચારની વાત..ભ્રષ્ટાચારની વાત....
બાળપણ વિતે મારુ પર્સન્ટેજની લ્હાયમાં,
ને યુવાનીમાં કરવી મારે નોકરીની
દોડધામ..મારે નોકરીની દોડધામ...
મારું આ દુ:ખડું કોને સમજાવું?
મેં પકડી ભણવાની વાટ.. ભણવાની વાટ.
પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

NOG SS No : 0044
જીવ એ જ શિવ.
હું મને જ શોધું મંદિરમાં.
ધર્મના પંથો તો કેટકેટલાં!
આંગળીનાં વેઢા પણ ઓછાં પડે.
એક પંથ કહે," જીવ એજ શિવ."
" વિભુ" હું મને જ શોધું શિવાલયમાં.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No : 0022
વિષય : શિવ
વિભાગ : પદ્ય
પ્રકાર : થાળ
શીર્ષક : ભોળાનાથનો થાળ
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર
પુરી તો ગોળ બની; થોડી લંબગોળ
બની,ભાવથી જમજો ભોળાનાથ કે
ભાત થોડાં કાચાં રહ્યાં.
દાળમાં રાઇ, હિંગ ને જીરાનો જબરો
વઘાર,ભાવથી જમજો ભોળાનાથ કે
ભાત થોડાં કાચાં રહ્યાં.
વટાણા, બટેકા ને રીંગણા ભેગા કરીને
બનાવ્યું છે શાક,
ભાવથી જમજો ભોળાનાથ કે ભાત
થોડાં કાચાં રહ્યાં.
ડુંગળી, કાકડીને દહીંનું બનાવ્યું છે
રાયતું,
ભાવથી જમજો ભોળાનાથ કે ભાત
થોડાં કાચાં રહ્યાં.
તાજી વલોવેલી છાશ સાથે લઈ આવ્યો,
ભાવથી જમજો ભોળાનાથ કે ભાત
થોડાં કાચાં રહ્યાં.
જ્યોતિન્દ્ર મહેતા

# ચારેય મહાનગરોમાં કર્ફ્યૂ સમયે એસટી બસની એન્ટ્રી પર પ્રતિબંધ

ગાંધીનગર,તા.૧૬

એસટીમાં મુસાફરી કરતા પેસેંજરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં કોરોનાના કેસ વધયા ૪ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂનો સમયગાળો વધારાયો છે જેને પગલે સરકારના નિર્ણય બાદ એસટી વિભાગનો પણ મોટો નિર્ણય સામે આવ્યો છે. ૪ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ બસો નહીં પ્રવેશે. ખાનગી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની બસોને પણ રાતે ૧૦ વાગ્યા બાદ ચાર મહાનગરોમાં એન્ટ્રી નહીં મળે.

આ અંગે એડવાન્સ બુકીન્સના પેસેંજરોને એસટી વિભાગ દ્વારા ટેલિફોનીક સૂચાના અપાઈ રહી છે. મહાનગરો સિવાયના પેસેંજરોને રિંગરોડથી અન્ય સ્થળ પર લઈ જવાશે. આજથી જ પેસેંજરોને ૧૦ વાગ્યા બાદ ન નીકળવા એસટી નિગમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ૧૩ માસની માસૂમ બાળકી પર ખેતર માલિકે દુષ્કર્મ આચરતા ખળભળાટ મચ્યો

બનાસકાંઠા,તા.૧૬

બનાસકાંઠા જિલ્લામાં દુષ્કર્મનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જિલ્લાના લાખણી પંથકના એક ગામના ખેતરમાં કામ કરતા ભાગ્યા પરિવારની ૧૩ માસની માસુમ બાળકી પર ખેતરના જ આધેડ માલિકે દુષ્કર્મ ગુજારતા ચકચાર મચી જવા પામી છે. સમગ્ર પંથકના લોકો ખેતર માલિક સામે ફિટકાર વરસાવી રહ્યાં છે. સમગ્ર મામલે આગથળા પોલીસ મથકે ખેતર માલિક સામે ગુન્હો નોંધાતા પોલીસે ખેતર માલિકની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં વધુ એક માસુમ ફુલ જેવી બાળકી આધેડની હવસનો શિકાર બની છે. બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકામાં ભાગીયા તરીકે રહેતા એક પરિવારની ૧૩ માસની માસુમ બાળા ઘોડિયામાં સુતી હતી અને તેની માતા છાશ લેવા ગઈ તે સમયનો લાભ લઈ ખેતરના આધેડ માલિક હીરા ચેલા રબારી રહે.(ખેરોલ)એ આ બાળકી સાથે દુષ્કર્મ ગુજારી દીધું અને ત્યારબાદ પરત ઘોડિયામાં મુકવા જતા બાળકીની માતા આવી ગઈ હતી.

જો કે શખ્સ બાળકીને ઘોડિયામાં મૂકી જતો રહ્યો હતો, પરંતુ ઘોડિયામાં રોતી બાળકીને તેની માતાએ સ્થિતિને જોતા જ ચોંકી ઉઠી હતી. માતાએ બાળકીની આ સ્થિતિ વિશે તેના પરિવારને જાણ કરી હતી. જો કે બાળકીની હાલત લથડી જતા પરિવાર આગથળા પોલીસ મથકે પહોંચી બાળકી સાથે ખરાબ કૃત્ય થયું હોવાની જાણ કરી હતી. બાળકીના પરિવાર દ્વારા આધેડ હીરા રબારી સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતા આગથળા પોલીસે ગણતરીના કલાકોમાં જ હીરા રબારીને ઝડપી લીધો છે.

પોલીસે હિરા રબારીને ઝડપી તેનો કોરોના રિપોર્ટ કરાવતાં નેગેટિવ આવ્યો છે અને હવે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જોકે આ સમગ્ર મામલે હવસખોર આધેડ હીરા રબારીના અગાઉ છૂટાછેડા થઈ ગયેલા હોવાથી પત્ની ન હોવાનું સામે આવ્યું છે. જોકે આરોપી હીરા રબારીના આ કૃત્યને લઈ સમગ્ર જિલ્લાના લોકો હીરા રબારી સામે ફિટકાર વરસાવી રહ્યા છે તો ઠેર ઠેર લોકો આવા હવસખોરને ફાંસીની સજા આપવાની પણ માંગ કરી રહ્યા છે.



ગાંધીનગર શહેરમાં કોરોના વિરોધી રસીકરણનો બીજો રાઉન્ડ ચાલુ કરવામાં આવ્યો છે. ત્યારે મેયરશ્રી રીટાબેન પટેલે સેક્ટર ૨૯માં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમની સાથે વોર્ડ નંબર ૩ના પ્રમુખ તથા મહામંત્રી સહિત આગેવાનો અને કાર્યકર્તાઓ જોડાયા હતાં. મેયરશ્રીએ રસીકરણ કરાવનાર વસાહતીઓને અભિનંદન પાઠવવાની સાથે આરોગ્ય કેન્દ્રમાં તબીબી સ્ટાફ સાથે વાતચીત કરીને માહિતી મેળવી હતી.

## ઉપપ્રમુખ પદે ગુણવંત પિથૂસિંહ ચાવડાની પસંદગી

# ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સાદરા બેઠકના ઉમેદવાર દિલિપ પટેલની વરણી



ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વર્ષોથી એક હથ્થુ શાસન કરનાર કોંગ્રેસને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ પક્ષ દ્વારા ધોબી પછાડ આપીને પંચાયત હસ્તગત કરી ઈતિહાસ રચી દેવામાં આવ્યો છે. ત્યારે ભાજપ મોવડી મંડળ દ્વારા જ્ઞાતિ સમીકરણના આધારે પ્રમુખ તરીકે પાટીદાર તેમજ ઉપ-પ્રમુખ તરીકે ક્ષત્રિય નેતા પર કળશ ઢોળી આજે ગાંધીનગર જીલ્લા પંચાયતના ફોર્મ ભરવામાં આવ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભગવો લહેરાયા બાદ ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ પદે કોની વરણી થશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ચાર ચાર સભ્યોના નામ બંધ કવરમાં ભાજપ પાર્લામેન્ટરી બોર્ડને મોકલી આપવામાં આવ્યા હતા. ત્યારે પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પાટીદાર અને ક્ષત્રિય જ્ઞાતિના ઉમેદવારની પસંદગી કરતા તમામ અટકળોનો અંત આવી ગયો છે. ભાજપ પ્રમુખ તરીકે સાદરા સીટ પરથી વિજેતા બનેલા ચંદ્રાલા ગામના દિલીપ પટેલ તેમજ ઉપ- પ્રમુખ પદે સાણોદા બેઠક પરથી વિજેતા બનેલા નાદોલ ગામના ગુણવંત પિથૂસિંહ ચાવડાના નામ પર કળશ ઢોળવામાં આવ્યો છે. અને ચૂંટણીની ઔપચારિકતાના ભાગરૂપે આજે ફોર્મ પણ ભરવામાં આવ્યા હતા.

ઉપરાંત દંડક તરીકે પિના ચૌધરીએ પણ ઉમેદવારી નોંધાવી હતી. આવતીકાલે કલેકટરના અધ્યક્ષ સ્થાને મળનારી સામાન્ય સભામાં આના માટે મત પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં ચૂંટાયેલા સદસ્યો હાથ ઊંચો કરીને પોતાનો મત આપશે. જોકે ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હોવાથી આ પ્રક્રિયા એક ઔપચારિક બની રહેશે

# રાજકોટમાં મનપાનો સપાટો: ૧૮ મિલકતો સીલ કરી ૨૯ આસામીઓને નોટિસ ફટકારી

રાજકોટ,તા.૧૬

મનપાના વેરા વિભાગ દ્વારા બાકીદારો વિરૂદ્ધ આજે પણ સિલિંગ ઝુંબેશ યથાવત રાખવામાં આવી હતી. એકસાથે ૧૨ વોર્ડમાં બાકીદારોની મિલકતો સીલ કરવાની કામગીરી દરમિયાન વધુ ૧૮ મિલકતો સીલ કરી ૨૯ આસામીઓને નોટિસ આપવામાં આવી હતી. જ્યારે ૪૫ લાખની સ્થળ ઉપર વસુલાત કરવામાં આવી હતી. વેરા વિભાગની ટીમ દ્વારા વોર્ડ નં.૨માં એરપોર્ટ રોડ પર આવેલ ૧-કોમર્શિયલ યુનિટના બાકી માંગણા સામે રીકવરી રૂ.૮૯,૩૧૯, વોર્ડ નં.૪માં કુવાડવા રોડ પર આવેલ લક્ષ્મી મોટર ગેરેજના બાકી માંગણા સામે રીકવરી રૂ.૧ લાખ, વોર્ડ નં.૫માં પાણીના ઘોડા પાસે આવેલ ૨-યુનિટના બાકી માંગણા સામે રીકવરી રૂ.૮૧,૦૦૦, વોર્ડ નં.૬માં પરશુરામ ઈન્ડ. એરિયામાં ૨-યુનિટને સીલ કરતા રીકવરી રૂ.૧.૨૫ લાખ, વોર્ડ નં- ૭માં સોની બજાર વિસ્તારમાં ૪-યુનિટના બાકી માંગણા સામે રિકવરી રૂ.૧ લાખ, કરણપરા વિસ્તારમાં ૪- યુનિટના બાકી માંગણા સામે રીકવરી રૂ.૧.૯૦ લાખ, પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં રીકવરી રૂ.૧.૧૮ લાખ, વોર્ડ નં-૮માં વૈશાલીનગર વિસ્તારમાં આવેલ કોમર્શિયલ યુનિટના બાકી માંગણા સામે ૫૫,૦૦૦ રીકવરી, રઘુનાથ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બાકી માંગણા સામે રીકવરી રૂ.૪.૫૦ લાખ, વોર્ડ નં-૧૦માં યુનિવર્સિટી રોડ પર સુવર્ણા કોમ્પ્લેક્ષમાં જપ્તીની નોટિસ સામે રૂા.૧.૯૯ લાખ રીકવરી, પુષ્કરધામ મેઈન રોડ પર કોમર્શીયલ મિલકતને બાકી માંગણા સામે સીલ કરી છે. યુનિવર્સીટી રોડ પર સત્યમ શિવમ સુંદરમમાં ગ્રા.ફ. આવેલ શોપને જપ્તીની નોટિસ આપવામાં આવી છે.

## ઘટનાની તાત્કાલીક યોગ્ય નિપક્ષ તપાસ કરવાની માંગ

# આદર્શ નિવાસી શાળા સાગબારા ખાતે વિદ્યાર્થીનીએ કરેલ આત્મહત્યાની યોગ્ય તપાસ કરવા બાબતે આવેદન આપ્યું




રાજપીપળા, તા ૧૫

આદર્શ નિવાસી શાળા (કન્યા) સાગબારા ખાતે વિદ્યાર્થીનીએ કોઈ કારણસર આત્મહત્યા કરી હતી. આ આત્મહત્યા તેને ક્યાં કારણસર કરવી પડી હતી તેનુ સાચુ કારણ જાણવા આત્મહત્યાની યોગ્ય તપાસ કરવા બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે રાજપીપળા ખાતે જિલ્લા પોલીસ વડા ને આવેદન પત્ર આપ્યુ છે.

આવેદનમા જણાવ્યુ છે કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ વિદ્યાર્થીઓના હિત માટે કામ કરતું વિશ્વનું સૌથી મોટું વિદ્યાર્થી સંગઠન છે. નર્મદા જીલ્લાના સાગબારા ખાતે આવેલ આદર્શ નિવાસી શાળા (કન્યા) માં ધોરણ-૯ માં અભ્યાસ કરતી પ્રતિક્ષાબેન લક્ષ્મણભાઈ તડવી નામની વિદ્યાર્થીનીએ આપઘાત કર્યાની ઘટના બની છે. જે ઘટના સંદર્ભે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ માંગ કરે છે કે આ ઘટનાની તાત્કાલીક યોગ્ય નિપક્ષ તપાસ કરવામાં આવે તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

# માણાવદર શહેરમાં રેશનકાર્ડમાં વિનામૂલ્યે આપેલા ચણામાં બેફામ જીવાત અને સંડેલા ચણા નું વિતરણ




માણાવદર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી સરકાર દ્વારા આમ જનતાને રેશનકાર્ડમાં વિના મૂલ્ય ચણા વિતરણ કરવામાં આવી રહ્યા છે જેમાં નરેન્દ્રભાઈ પારધી નામના રેશનકાર્ડ ધારકે ચણા લીધા તેમાં બેફામ જીવાત તથા સંડેલા ચણા અપાયા જે જોયને પોતે ચોકી ઉઠેલા

રેશનકાર્ડ ધારકોએ મીડિયા નો સંપર્ક કરી બતાવ્યું કે ચણા કેવા છે? ત્યારબાદ મામલતદાર ને રૂબરૂ બતાવ્યા તેણે પણ મીડિયા સામે નિવેદન આપ્યું અને સ્વીકાર્યું કે સંડેલા અને જીવાત વાળા ચણા છે તાત્કાલિક પુરવઠા વિતરણ બંધ કરાવવીએ ત્યારે ખુદ સરકાર જ માનવ જિંદગી સાથે ખુલ્લેઆમ ચેડા કરતી હોય હવે તેની ફરિયાદ ક્યાં કરવી ? તેવી ચર્ચા શહેરમાં થઈ રહી છે સરકારી ગોડાઉનમાં સંડેલા અને જીવાત વાળાઓ માલ કેટલો? કઈ કઇ દુકાને વિતરણ કરાયું? તેની આમ જનતામાં થી તપાસની માંગ ઉઠી છે જો સરકારી માલ જ ઉપરથી સડેલા જીવાતવાળા ડંખવાળો માલ હોય તો તેવું કેમ બન્યું? યોગ્ય સારો માલ વિતરણ કરે તેવી ઠેરઠેર આમ જનતામાંથી લોક ચર્ચાઓ ઉઠવા પામી છે

રીપોર્ટર - જીગ્નેશ પટેલ માણાવદર

## તા.૩૦/૦૩/૨૦૨૧,મંગળવારનાં રોજ તમામ સ્થળોએ રજા રહેશે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પર્યટન સ્થળો તા. ૨૯/૦૩/૨૦૨૧,સોમવાર ધુળેટી પર્વે પ્રવાસીઓને પ્રવેશ અપાશે



રાજપીપળા, તા ૧૬

આગામી તારીખ – ૨૯/૦૩/૨૦૨૧,સોમવારનાં રોજ ધુળેટી પર્વે પ્રવાસીઓની લાગણી અને માંગણીને ધ્યાને લઈને મુખ્ય વહીવટદારની કચેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દર સોમવારે સાપ્તાહિક મરામત કાર્ય હાથ ધરાય છે,જેથી તે દિવસે પ્રવાસીઓને પ્રવેશ આપવામાં આવતો નથી,પરંતુ આગામી ૨૯/૦૩/૨૦૨૧,સોમવારનાં રોજ ધુળેટી પર્વે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પ્રોજેક્ટ ચાલુ રાખવાની આથી જાહેરાત કરવામાં આવે છે.તેનાં બદલે તા. ૩૦/૦૩/૨૦૨૧નાં રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન તમામ પ્રવાસીય સ્થળોએ જાહેર રજા રહેશે.એવીસ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અનેપ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા જાહેરાત કરવામા આવી છે

આ અંગે વધુ કોઇ પણ પ્રકારની પૂછપરછ માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર – ૧૮૦૦ ૨૩૩ ૬૬૦૦ પર સવારે ૮.૦૦ થી સાંજનાં ૬.૦૦ દરમ્યાન (સોમવાર સિવાય) સંપર્ક કરી શકાશે. ઓનલાઈન ટિકિટ બુક કરાવવા માટે www.soutickets.in અને એન્ડ્રોઇડ એપ્લીકેશન statue of unity tickets (official)નો ઉપયોગ કરીને પણ ટિકીટ બૂક કરાવી શકાશે.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપલા



**આજ રોજ ઊંઝા ખાતે રાષ્ટ્રીય વિકલાંગ પાર્ટી ગુજરાત પ્રદેશ ની ગુજરાત ના દરેક જીલ્લા ના પદાધિકારીઓ નુ સંમેલનાયોજાઈ હતી જેમાં દિવ્યાંગ વ્યક્તિઓને લગતા પ્રશ્નો બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ધર્મપત્ની જશોદાબહેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા તથા પ્રવીણભાઈ સોલંકી(પ્રદેશ પ્રભારી), ભરતભાઈ મોદી,ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ગૌરિકુંવર ( કિન્નર મોરચા અધ્યક્ષ) ,મનહરભાઈ ચૌહાણ ( પ્રદેશ અધ્યક્ષ) ,ચિરાગભાઈ વ્યાસ ,ભગાજી વિસાતર,મીનાબેન, નીતિન પંચાલ તથા ગુજરાતના દરેક જિલ્લા અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા જેમાં બનાસકાંઠા જિલ્લાના જાણીતા દિવ્યાંગ પત્રકાર અને જિલ્લા અધ્યક્ષ કપિલ ચૌહાણ, મહેસાણા જિલ્લા પ્રમુખ કનુભાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ ભરતભાઈ મોદી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં નીતિનભાઈ પંચાલ તથા ભરતભાઈ સોલંકીએ ભારે જહેમત ઉઠાવી હતી.**

## ગુજરાત સરકાર શિક્ષણમાં આટલું વિચારે -અમલ કરે

# બી.એન.જોષીએ વડાપ્રધાન અને મુખ્યમંત્રીને પત્ર લખી આદિવાસી વિસ્તારની સ્કૂલોને ગ્રાન્ટેડ કરવાની અપીલ કરી



મોટાપોંઢા કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ અને શબરી કન્યા છાત્રાલય, કપરાડાના ટ્રસ્ટી બી.એન.જોષીએ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી તથા ગુજરાતના સુકાની શ્રી વિજયભાઈ રૂપાણી,નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રીભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ખેતી તથા શિક્ષણનું વિઝન ધરાવનાર ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીને વિનંતી પત્ર લખીને જણાવ્યું છે કે આપ સૌ સહ ચિંતન કરી મારી અપીલનો અભ્યાસ કરી ગુજરાત ના શિક્ષણ ભૂખ્યા બાળકો અને જેમણે શિક્ષણ માં સેવાવ્રત લઈને ગ્રાન્ટ મળશે એ અપેક્ષાએ સમગ્ર ગુજરાતમાં ૩૦૦થી ૪૦૦ સ્કૂલો શરૂ કરી છે, તેવા મંડળોનું કાર્ય નિઃસ્વાર્થ છે, શિક્ષણ એ સરકાર નું પ્રથમ સોપાન હોય તેથી ગ્રાન્ટ મળશે.એ અપેક્ષાએ લોક પ્રતિનિધિઓ જેવાં કે, સ્થાનીય સ્વરાજ્યના કાર્યકર્તા કે ધારાસભ્યશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ આ પાયાના કામમાં રસ લે.એ અપેક્ષા છે. આ નેતાગણ અથવા લોકસેવકોને પણ મારી વિનંતી છે કે આપ સૌ જાગૃત થઈ પ્રજાહિત તરફ આગળ વધી ગુજરાત સરકારે ૨૦૦ આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાનો સંકલ્પ બજેટમાં કર્યો છે,તે ઉત્તમ જાહેરાત છે, પરંતુ જે જન્મી ચૂંકી છે, તે ઉત્તમ કાર્ય કરનાર આર્થિક ભારણ ન ઉપાડી શકતા ટ્રસ્ટનો અને છેલ્લાં ૨૦-૨૫ વર્ષથી સામાન્ય પગાર ૩૦૦૦થી ૭૦૦૦ રૂપિયામાં કામ કરતાં શિક્ષકો ગુજરાતનું શિક્ષણ ધન સમાન શિક્ષકો છે.આ બાબતે જે મંડળો ઉત્તમ કામગીરી કરે છે,તેવી સમગ્ર ગુજરાતની ધોરણ ૯થી ૧૨ની શાળાઓની એક તટસ્થ કમિટિની રચના થાય, અભ્યાસ થાય અને કમિટિ રિપોર્ટ કરે તે આધારે ગુજરાત ના ગ્રામિણ અને વનવાસી વિસ્તારની ૧૦૦ જેટલી સારી અને ખરા અર્થમાં જરૂરતમંદ નહિ નફાના ધોરણ વગર શિક્ષણની સેવામાં જોડાયેલ ટ્રસ્ટની સ્કૂલો ગ્રાન્ટેબલ કરવી જોઈએ.

સમગ્ર ગુજરાતમાં મને અનેક વિસ્તાર એવો દેખાય છે જ્યાં શાળા માં બાળકો છે, ભૌતિક સુવિધા છે. છતાં શિક્ષકો ને માત્ર ને માત્ર ૩૦૦૦થી ૭૦૦૦ રૂપિયાના પગારે પર કામ લેવાય છે.આ શિક્ષક તેની માંગ પ્રમાણે શાળાઓ બદલ્યા કરે છે.જેથી નુકશાન બાળકોને થાય છે.બાળકો પાસેથી મામુલી ફી અથવા ફી લેવાની ન હોય , ત્યાં મંડળ શિક્ષકો નો પગાર કેવી રીતે કરે ? આ યક્ષ પ્રશ્ન છે.

હું માત્ર બે મંડળો નો ટૂંકામાં પ્રસ્તાવ રજૂ કરું છું : આ ચિત્ર સમગ્ર ગુજરાતમાં જોવા મળશે.

(૧) માનવ છાંયડો ટ્રસ્ટ, ધરમપુર ત્રણ સ્કૂલો ચલાવે છે વર્ષ ૨૦૦૭,૨૦૦૮ અને ૨૦૦૯થી ધરમપુર તાલુકાના કેળવણી, ખટાણા અને બામટી ગામમાં.આ વિસ્તારમાં શાળામાં ૩૦૦થી ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા જેટલી વસ્તી અને બાળકો ની શિક્ષણ ભૂખ છે.પરંતુ શાળા મંડળ આર્થિક ભીંસ ને કારણે શિક્ષકો ને પૂરતું વેતન આપી ×સામાજિક ન્યાય× આપી શકતું નથી.છેલ્લા ૧૪ વર્ષથી આ મંડળ કામ કરે છે નહી નફાના ધોરણે તો આ મંડળને ગ્રાન્ટ મળે એ હકીકતે આ વિસ્તાર ની જરૂરત છે.

એક બીજું ઉદાહરણ આપું છુંઃ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાનું ચૌઢા ગામ જ્યાં ધોરણ-૯ થી ૧૨ની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ ની સ્કુલ ચાલે છે.આ શાળા નું મંડળ પણ દિલથી કામ કરે છે, કોઈ નફાનું ધોરણ નથી.માત્રને માત્ર સમાજને શિક્ષણ મળે એ હેતુ છે. અહી શિક્ષકો નજીવા પગાર માં ઈ.સ.૨૦૦૧થી કામ કરે છે.આ શિક્ષકો ને પણ ન્યાય મળે,આ વિસ્તાર ના લોકોના બાળકો ને ઘર આંગણે શિક્ષણ મળે એ જવાબદારી ગુજરાત શિક્ષણ વિભાગ ઉપાડે એ સમયની માંગ છે.

આ સ્કૂલમાં આપણા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ સાહેબે મુલાકાત લઈ શાળાની પ્રગતિ, કાર્યના વખાણ કર્યા હતાં.મારે આપ સૌ મહાનુભાવો નું ધ્યાન એટલાં માટે દોરવું છે કે જ્યાં શિક્ષણ કાર્ય નફા વગર અને શિક્ષણ ફી ન ભરી શકતા વિસ્તારમાં થતું તે જવાબદારી સરકારે ઉપાડી લેવી જોઈએ.આદર્શ નિવાસી શાળાઓની જગ્યાએ આ નોન ગ્રાન્ટેડ સ્કૂલોને આદર્શ કરવાનું કાર્ય સરકાર ઉપાડે તેના કેટલાક ફાયદા છે .તે હું એક શિક્ષણ વિદ્ તરીકે આપ સૌ સત્તાધીશોના ધ્યાન પર

લાવવા માગું છું.જે વાંચી ,વિચારીને અમલ કરવા નમ્ર વિનંતી કરું છું.

(૧) જે મંડળો કે ટ્રસ્ટો માત્ર ને માત્ર સેવા

ભાવથી નફો લીધા વગર નોન ગ્રાન્ટેડ સ્કૂલો નું સંચાલન કરે છે.તેવી સ્કૂલો ને ગ્રાન્ટેડ કરવી. કારણ કે જે વિસ્તારમાં સ્કૂલો છે,તે બંધ કરવાથી સમાજને શિક્ષણ વંચિત રહેવું પડશે.

(૨) જે મંડળો ?પાસે ભૌતિક સગવડો - ઓરડાઓ, ગ્રંથાલય, ફર્નિચર ,મેદાન , જમીન , લેબ વિગેરે છે.માત્ર શિક્ષકો ને પગાર આપવાની વ્યવસ્થા નથી.તેને ગ્રાન્ટ મળે.એ ભલામણ આપ પ્રજા પ્રતિનિધિઓએ કરવી જોઈએ.

(૩) નવી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં સરકારે જમીન શોધવી, વિસ્તાર શોધવો અને એસ્ટાબ્લીસ્ટ થતાં જે સમય લાગે,તેના કરતાં હાલ જે શિક્ષણ કાર્ય નિઃસ્વાર્થભાવે કરે છે,તે મંડળો ને ગ્રાન્ટ પાત્ર કરવી એ ગુજરાત સરકાર ની ફરજ છે. ટૂંકમાં ૧૦૦ જેટલી ગુજરાતમાં આદર્શ રીતે શિક્ષણ કાર્ય કરતા મંડળો ને ગ્રાન્ટેડ કરવા નમ્ર વિનંતી છે. કારણ કે આ મંડળોએ જરૂરતવાળા વિસ્તારોમાં શિક્ષણ કાર્ય શરૂ કરેલ છે.સામાજિક ન્યાયના ધોરણે પણ આપણા લોક પ્રતિનિધિઓ વિચારે અને અમલ કરે. ગુજરાત સરકાર દ્વારા ગ્રાન્ટ ન આપવાના પરિપત્રની જડતાંમાંથી બહાર આવી નવી શિક્ષણ સંસ્થાઓને જન્મ આપવાને બદલે સમાજ ના શિક્ષણ પ્રેમીઓ પોતાની જમીન આપીને સમય આપીને પોતાના વિસ્તારના બાળકોનું શિક્ષણ કાર્ય કરે છે.તેને પ્રોત્સાહન મળે અને શિક્ષણ સમાજ ઉપર નિર્ભર છે.ત્યારે તેનું સંપૂર્ણ સરકારી કરણ ન થાય તે અંગે ચર્ચા વિચારણા કરવા વિનંતી છે.તેમજ તાલીમી શિક્ષકો કામ કરી રહ્યા છે, તેને ન્યાય મળે.

નવી શાળાઓને જન્મ આપીને ગુજરાત સરકાર જે શિક્ષણ મંડળો વર્ષોથી કામ કરે છે તેને અન્યાય કરવા તરફ આગળ ન વધે એવી વિનંતી છે.છેવટે આપણે સૌ એવું વિચારીએ કે ગુજરાત નું બાળક શિક્ષણની સવલતથી વંચિત ન રહે એ ઉત્તમ નિર્ણય ગણાશે.

મા.શ્રી નરેન્દ્રભાઈ વડાપ્રધાનશ્રી, રૂપાણી સાહેબ મુખ્યમંત્રીશ્રી,મા.શ્રી રાજ્યપાલશ્રી ગુજરાત અને સૌ શિક્ષણ પ્રેમી મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રી ઓ, સંસદસભ્યશ્રીઓ આપ સમાજમાં તથા આપના વિસ્તારમાં પ્રવાસ કરો છો તો તમને ઈચ્છા થવી જોઈએ કે મારા વિસ્તારની વર્ષોથી શિક્ષણ કાર્ય કરતી નોન ગ્રાન્ટેડ સ્કૂલોને ગ્રાન્ટેડ કરવાની ભલામણ કરી શકો છો. આપ ક્યાંક જરૂરી માહિતી ન આપીને હકીકતો બહાર લાવવામાં મોડું ન કરતા શિક્ષણ સેવા કરતા શિક્ષણ મંડળોને હવે થોડી રાહત મળે, ગ્રામીણ વનવાસી વિસ્તારની માંગ પૂરી થાય તેવા પ્રયત્નો કરવા વિનંતી છે. આદર્શ નિવાસી શાળાઓ પહેલાં જન્મી ચૂકેલ શાળાઓ ધ્યાન આપી સમગ્ર ગુજરાત અને આદિવાસી વિસ્તારને ન્યાય મળે એ અપેક્ષાએ આ પત્ર સમગ્ર ગુજરાતના સેવા કાર્ય કરતા શિક્ષણ મંડળોનો અભ્યાસ કરીને લખેલ છે.ન્યાય મળે , શિક્ષણ- શિક્ષક- વાલી- મંડળ ઉત્તમ સેવા કરે છે, તેને સાંભળીને ગુજરાત શિક્ષણ વિભાગ પુણ્યનું કાર્ય કરશે.

# માલધારીના વરંડામાં રહેલ ઘેટાનું મારણ કર્યું : દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ

અરવલ્લી બ્યુરો મોડાસા

ઉનાળાની ગરમીની શરૂઆત થઇ ચુકી છે .ત્યારે જંગલોમાંથી હિંસક પશુઓ પોતાનો ખોરાક તેમજ પાણીની શોધખોળ કરતાં કરતાં ગામોમાં પણ આવી પહોંચતા હોય છે ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી એક દીપડો મોડાસાના જંબુસર ગામની આસપાસ દેખા દઈ રહ્યો હોવાની બૂમો વચ્ચે જંબુસર ગામની સીમમાં ખેતરમાં પડાવ નાખી રહેતા માલધારી પરિવારના વરંડામાં દીપડો ત્રાટકી ઘેટાંનું મારણ કરતા માલધારી પરિવારો સહીત લોકો ફફડી ઉઠ્યા છે અરવલ્લી જિલ્લામાં પૂર્વ પટ્ટો લગભગ જંગલોવાળો પટ્ટો છે. આ વિસ્તાર ડુંગરાળ અને ઝાડીયુક્ત હોય જંગલોમાં હિંસક પ્રાણીઓ હોય છે. હાલમાં ઉનાળો આકરો બન્યો છે સાથે કેટલીક વાર જંગલોમાં આગ ભભૂકી ઉઠવાની પણ ઘટનાઓ બનતી રહે છે ત્યારે આવા જંગલી પ્રાણીઓ ખોરાકપાણીની શોધમાં ગામડાઓ તરફ વળી જતા હોવાના કિસ્સાઓ સામે આવે છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી મોડાસાના જંબુસર પંથકમાં દીપડો દેખાતો હોવાની વાતો ગ્રામજનો કરી રહ્યા છે. બીજી બાજુ ગઈ રાત્રીના રોજ ખેતરમાં દીપડો આવ્યો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. આ ખેતરમાં દીપડાના પગના નિશાન પણ જોવા મળ્યા હતા જ્યારે એક ઘેટાંનું મારણ પણ દીપડાએ કર્યું હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. સાથે ગ્રામજનોએ દીપડાને પાંજરે પુરવા માટે પણ ઉગ્ર માંગ કરી છે. દીપડો દેખાવાના કારણે આસપાસના ગામોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે ૪૨ મી રાષ્ટ્રીય મહિલા ફૂટબોલ સ્પર્ધા ૨૧ થી ૨૬ માર્ચ દરમ્યાન યોજાશે

રાજપીપળા તા ૧૬

ભારતીય યુવાનો ક્રિકેટ, ફૂટબૉલ, વોલીબૉલ રમી શકે છે, દોડી શકે છે અને સાઇકલિંગ કરી શકે છે, પણ રમતની વાત આવે ત્યારે ભારતીય યુવતીઓ માટે આટલા બધા વિકલ્પ હોતા નથી.આ અનુમાન હવેના સમયમાં બદલાઈ જવા રહ્યુ છે. આજે રમતોની યાદીમાં જોઈએ તો મહિલાઓ કુસ્તી, મુક્કાબાજી કે કબડ્ડી, વેઈટ લિફટિંગ અને ફૂટબોલ જેવી અનેક રમતોમાં પોતાનું કૌશલ્ય સાબિત કરી રહી છે અને માત્ર ભારત જ નહી પણ દેશ-વિદેશમાં પણ નામના મેળવી રહી છે. ભારતીય મહિલા ખેલાડીઓ પરંપરાગત જાતિગત માન્યતાઓને તોડીને વિશ્વ પર રાજ કરી રહી છે. કેવડિયા કોલોની ખાતે નિર્માણ પામેલ ×સ્ટેચ્યુ ઓફ યુનિટી× આજે વિશ્વના નકશા પર આજે વૈશ્વિક પર્યટન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. જે ભારતના સપૂત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે આકાર પામ્યું છે. ત્યારે આ ભૂમિ પર સમગ્ર ભારતની એકતાના દર્શન થઈ શકે તેવું આયોજન થવા જઈ રહ્યું છે.

સાંસદશ્રી અમદાવાદ પશ્ચિમ - ડો કિરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકીના અધ્યક્ષપણા હેઠળ વુમનસ ફુટબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા, ખાતે ૪૨ મા સિનિયર નેશનલ વુમન્સ ફુટબોલ ચેમ્પિયનશીપનુ આયોજન તા ૨૧/૩/૨૦૨૧ થી તા ૨૬/૩/૨૦૨૧ દરમ્યાન યોજાનાર છે. જેમાં ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્ર શાસિત પ્રદેશની ફૂટબોલ મહિલા ટીમ ઉપસ્થિત રહેશે. ગુજરાત મહિલા ફુટબોલ એસોસિએશન ના પ્રમુખ અરુણકુમાર સાધુ ,મહા મંત્રી શ્રીમતી ટીનાક્રિષ્ના દાસ સમગ્ર ટુર્નામેન્ટ નું સંચાલન કાર્ય સંભાળી રહ્યા છે.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

# બ્રહ્મ સમાજનું ગૌરવ ડો.માનસી વ્યાસ




**નરોડા - અમદાવાદ નિવાસી અને એક મધ્યમ પરિવાર ની દિકરી આજે મહેનત કરી ને MBBS ડોક્ટર બની, જેના પાપા એક private ચેનલ કંપની માં સામાન્ય નોકરી કરતા હતા તે પરિવાર ની દિકરી એ આજે સ્મ્જી ડોક્ટર બનીને પોતાના માઁ બાપ ની ઈચ્છા પૂરી કરી અને તેમના સપના સાકાર કર્યા, ત્યારે બીજી બાજુ તેમના ભાઈ યશ વ્યાસ પણ ક્લાસ ૧-૨ ની તૈયારી કરી રહ્યા છે ત્યારે તેમના પિતા મહેશભાઈ શંકરભાઇ વ્યાસ અને માતા લતાબેન ને પોતાના દીકરા દિકરી પર ખુબ ગર્વ ની લાગણી થાય છે, અને બને સંતાનો નો ઉદેશ જરૂરમંદ લોકો ની સેવા કરવાનો છે, તેના ભાગ રૂપે ડૉ માનસી છેલ્લા એક વર્ષ થી કોવીડ -૧૯ અંતર્ગત પોતાની ફરજ નિભાવી છે અને કોરોના ના દર્દી ઓ ની સેવા કરી છે. અને આગળ પણ પોતાના કાર્ય કાડ દરમિયાન તેવો સેવાકીય કાર્ય કરવા ઇચ્છુક છે અને ઓછા ખર્ચા માં સારી સારવાર મળે અને ગામડા ના જરૂરમંદ પરિવાર ને સારી સારવાર પૂરતી સગવડ સાથે આપવું તે તેમનું સપનું છે.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK